## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ઇચ્છાથી નિકળી અટકળ સુધી ગયો..
માણસનો કાફલો સદા મૃગજળ સુધી ગયો !
- ભગવતીકુમાર શર્મા

### પાથેય

- રમેશ ઠક્કર

## ઈચ્છાના પિરામિડ...

અટકળો પણ અટકચાળા જેવી હોય છે..રોજેરોજ કેટકેટલી એષણાઓ જગતમાં ઠલવાતી રહે છે..? મન એ ઇચ્છાનું જન્મસ્થાન છે, કર્મ કદાચ ગંતવ્યસ્થાન.ઇચ્છા અનંત છે..વિધવિધ પણ છે..એના પર્યાયો કેટલા બધા છે...? એષણા,ઓરતા, ઝંખના,અભિપ્સા, કામના, મનોરથ, સ્વપ્ન, ખ્વાહીશ,જિજીવિષા, ખેવના, સંકલ્પ,વગેરે વગેરે. માણસનું ચાલકબળ એની ઝંખના છે..ઇચ્છાવિહિન નર (અને નારી પણ) પશુસમાન છે.

Necessity is the mother of invention..મનોરથ માણસને સમર્થ બનાવે છે.જો માણસજાત ઇચ્છાઓ ના કરે તો જગત ઠપ્પ થઇ જાય...ઇચ્છામાં સારી કે ખરાબ હોતી નથી..પણ ઇચ્છાને રોકવી એ ખરાબ છે..એક બાજુ આપણે એમ કહીએ છીએ કે મન હોય તો માળવે જવાય..અને બીજી તરફ કહીએ છીએ મન ચંગા તો કથરોટમાં ગંગા ! ઇચ્છાના આટાપાટા ખરેખર અટપટા છે..

ખ્વાહીશ કયારેય અધુરી ના રાખવી..પણ મજા એ છે કે અતૃપ્તિ એ જ એનો પડછાયો છે...એટલે કે આપણે કરેલી તમામ ખેવનાઓ પરિપુર્ણ થાય એવું બનતું નથી.આ અસંતોષ જ પ્રગતિનો પથ બને છે.બીજીતરફ એવું પણ કહેવાય છે કે દુનિયાના તમામ દુઃખોની જનેતા જ ઇચ્છા છે..માટે એના ઉપર લગામ રાખો...એને કાબુમાં રાખો..

આ કશ્મકશ છે એટલે જ જીવન છે..અધૂરપ ના હોય તો મધુરપ કયાંથી સમજાય ? ઇચ્છા પૂર્તિ અને પ્રાપ્તિ બે પરિમાણો છે..આપણે આ બંને વિચારધારાની વચ્ચે કયાંક પસંદગી કરવાની હોય છે..વિવેકપૂર્ણ ઇચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.માણસની ઇચ્છાઓ પણ વૈવિદ્યસભર હોય છે !

આમ તો આપણી ઇચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! ઇચ્છાને પૂરપાટ દોડાવવી એ પણ એક પડકાર છે..સંતોષ નામના સ્ટેશને એને અટકાવવી એ પણ કળા છે..એ જીવંત રહે તો જિંદગી છે..મરેલી ઇચ્છાઓ માટે કોઇ સ્મશાન હોતું નથી..મનના ગોખલા એ ઇચ્છાના પિરામિડ છે.ઇચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે..જેને તાગવી એ પણ સામર્થ્યનું કામ છે....

# કોંગ્રેસને બહારના દુશ્મનની જરૂર જ નથી

**તંત્રીસ્થાનેથી...**

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે માનવતાની દૃષ્ટિએ એક વિધાન કરેલું અને ભારતીય જનતા પાર્ટી માટે એ હિંદુ મતદાતાઓને ઉશ્કેરવાનું હોઠવગું હથિયાર બની ગયેલું. એમણે કહ્યું હતું કે દેશ પર લઘુમતી સમુદાયનો પહેલો અધિકાર છે. ગુડ ફેઈથમાં ઉચ્ચારાયેલા આ શબ્દોનો સાચો અર્થ તો ઘણો ઉમદા અને ઉદાત્ત છે. પરંતુ સામાન્ય સ્તરના બહુમતી સમુદાયને એનો અર્થ એમની વિરુદ્ધનો દર્શાવીને ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસની નીયત મુસ્લિમ તૃષ્ટીકરણની જ હોવાનો મુદ્દો ચગાવ્યો હતો. એ મુદ્દાને ફરી એકવાર બરાબર ગુજરાતની વિધાનસભાની ચૂંટણી વખતે વટાવવાની તક ભારતીય જનતા પાર્ટીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જગદીશ ઠાકોરે સોનાની તાસકમાં ધરી દીધી છે. લઘુમતી સમુદાય ઓવૈસી કે અન્ય કોઈની પાંખમાં ભરાઈને કોંગ્રેસથી વિમુખ ના થઈ જાય એ ગણતરી સાથે એમણે એમની સાથેની જાહેર સભાઓમાં આ મુદ્દો રમતો મૂકીને લઘુમતી સમાજને રાજી કરવાનો પ્રયાસ કર્યો છે જેની પ્રતિકૂળ અસરો ચૂંટણી ટાણે પોતાની વહીવટી નિષ્ફળતાઓ છાવરવા માટે આતુર શાસક પાર્ટી દ્વારા ઘેર ઘેર પ્રચાર કરીને ઊભી કરાશે અને ફરી એકવાર કોંગ્રેસને મુસલમાનોની પાર્ટીનું લેબલ લગાડી હિંદુત્વના કાર્ડનો જડબેસલાક 'સદુપયોગ' કરી શકાશે. મોદી માટે ગુજરાત હુકમનો એક્કો છે. એ કોઈ પણ ભોગે વિપક્ષના હાથમાં ન જાય એનો પુરુષાર્થ ચાલુ જ રહેશે.

કોંગ્રેસ પાસે એકથી એક ચડિયાતા નમૂના છે. અધીર રંજન નામધારી પશ્ચિમ બંગાળમાંથી ચૂંટાયેલા સાંસદને કોંગ્રેસે લોકસભા કોંગ્રેસ સંસદીય પાર્ટીનું નેતૃત્વ સોંપ્યું ત્યારે પહેલવહેલું એ નામ કાને પડેલું. હવે એણે પોત પ્રકાશ્યું છે. એ ધરાર કોંગ્રેસની ઘોર ખોદનારા નેતા સિદ્ધ થાય છે અને સોનિયા - રાહુલ માટે અર્થાત્ પારિવારિક હાઈકમાંડ માટે અસહ્ય શિરોવેદના બની રહેલ છે. હમણાં એમણે ભૂલથી કે ચતુરાઈપૂર્વક રાષ્ટ્રપતિ દ્રૌપદી સંદર્ભે જે બફાટ કર્યો છે તે કોંગ્રેસ માટે લાંબા વખત સુધી મુશ્કેલીઓ સર્જતો રહેશે. 'રાષ્ટ્રપતિ' શબ્દ જ બંધારણે ખોટી રીતે વાપર્યો છે. ખરું જોતાં 'રાષ્ટ્રપ્રમુખ' અથવા 'રાષ્ટ્રાધ્યક્ષ' જેવો અનુવાદ થવો જોઈતો હતો. આપણા બંધારણના ઘડવૈયાઓ પાસે અંગ્રેજી શબ્દ 'પ્રેસિડેન્ટ' ના અનુવાદ માન્ય કરવો પડ્યો ! રાષ્ટ્રપતિ સ્ત્રી પણ હોઈ શકે, એવી તો કદાચ એમને કલ્પના જ નહીં આવી હોય ! પતિનું સ્ત્રીલિંગ 'પત્ની' જ થાય, એ ન્યાયે અધીર રંજન ડહાપણ કરવા ગયા હશે અને ભરાઈ પડ્યા હશે એ પણ બનવાજોગ છે. 'પતિ' તો સ્ત્રીને હોય - પ્રજાને થોડો હોય છે ? એટલે વધુ યોગ્ય શબ્દ તો 'પ્રમુખ' જ હોવો જોઈતો હતો. દેશના પ્રથમ નાગરિક અને બંધારણીય વડા માટે આવી બેહૂદી કોમેન્ટ કરવી તે દેશનું, બંધારણનું અને સમગ્ર સ્ત્રી જાતિનું અપમાન જ ગણાશે. વળી યોગાનુયોગ નવાં ચૂંટાયેલાં રાષ્ટ્રપ્રમુખનું નામ જ દ્રૌપદી છે અને દ્રૌપદીના જીવનની સૌથી મોટી કરુણતા એને પાંચ પુરુષોની પત્ની બનીને જીવવાની ફરજ ના પડાઈ તે હતી. અધીર રંજને આવી અવળચંડાઈ જાણી જોઈને ના કરી હોય તો પણ એમને કોંગ્રેસે કાઢી મૂકવા જોઈએ કારણ કે હવે તેઓ કોંગ્રેસ માટે કે દેશ માટે કોઈ અસ્કામત નથી રહ્યા બલકે બોજો બની ગયા છે. મમતા બેનરજી જેવાં મહિલા નેતા જ બંગાળનાં સાચાં કોંગ્રેસી નેતા છે, જેમને કોંગ્રેસે પૂરા અધિકાર સાથે પાર્ટીનું સુકાન સોંપી દેવું જોઈએ. જો કોંગ્રેસ એનો પારિવાહિક મોહ નહીં છોડી શકે તો એ હાંસિયામાં પણ નહીં રહી તે નક્કી છે. સાવ સામાન્ય સ્તરની એક મોડેલ અને ટીવી સિરિયલો કરી ખાતી મહિલાએ મોદીએ એ હદે ઊંચકી છે કે તે રાહુલ ગાંધીને એમના પરંપરાગત સંસદીય ક્ષેત્રમાંથી તગેડી મૂકી શકી. પરંતુ એ જે રીતે હોબાળા મચાવે છે અને સોનિયા ગાંધી સામે બાથોડિયાં લે છે તે ભારતીય જનતા પાર્ટીની ગરિમાને પણ શોભતું નથી. એને સોનિયા ગાંધીએ 'મારી સાથે વાત ના કર' કહીને ચૂપ કરી દીધી એ માટે એ લાયક જ હતી. સાચા વડાપ્રધાન તરીકે ઈમેજ ટકાવવી હશે તો નરેન્દ્ર મોદીએ આ બધું સમજવું જોઈશે.

# NABL લેબોરેટરીમાં લોહી તપાસમાં થતી ભૂલો

## NABL લેબમાં લોહી ટેસ્ટ કરાવતા ધ્યાન રાખવાની જરૂર

**તન દુરસ્તી**
**મહેન્દ્ર ગજજર**



વિપુલ, આજે સૌથી પહેલા આવી ગયો હતો. વરસાદ ધોધમાર ચાલુ હતો. ચારેબાજુ વીજળીનો ઘડઘડાટ થતો હતો. દેડકા અને તમરાનો અવાજ આવતો હતો. વડના પાન ઉપરથી મોટા મોટા પાણીના ફોરા છત્રી ઉપર પડતા હતા. વિપુલ મોજા પહેરીને હાથમાં અને પગમાં મચ્છર ન કરડે માટે ખુરશી ઉપર પલાઠી વાળીને અડ્ડો જમાવ્યો હતો. ત્યાં જ ડાહ્યાલાલ, ગાંડાલાલ અને નિલેશ કાળા કલરની મોટી છત્રી લઈને હાથમાં ખુરશી લઈને વિપુલની તરફ આવતાં ત્રણે જણઆ ખુરશી મુકીને, અદપ વાળીને બેસી ગયા. પાંચેક મિનિટ સુધી વડના પાન ઉપરથી પડતા પાણીના ફોરાનો અવાજ સાંભળી રહ્યા. અચાનક ગાંડાલાલ બોલ્યા.... અરે ભાઈ, કાંઈક તો બોલો વધારે વરસાદ પડવાથી પલળવાથી શરીર અને મગજ બંને ઠંડા થઈ ગયા છે. ગાંડાલાલ બોલ્યા આપણે બધા હેલ્થ ઉપજ વાતો કરીએ છીએ કેમ ! ડાહ્યાલાલે કહ્યં હા.... આપણે વધારે પડતી શરીરને લગતા વિષયો ઉપર વાતો કરીએ છીએ. વિપુલે કહ્યું એ બરાબર છે. કારણ કે બીજી બધી વાતો કરીને આપણને નવું કંઈ શીખી શકતા નથી. જયારે શરીરને લગતી વાતો કરીને કંઈક નવું જાણી શકીએ છીએ.

ગાંડાલાલે કહ્યું હા યાદ આવ્યું અરે યાર હું ગાંધીનગરમાં એક NABL લેબમાં મારા દીકરાનું બ્લડ ગ્રુપ કરવા ગયો. જો કે પહેલેથી બ્લડગ્રુપ ખબર જ હતી. છતાં પણ બલ્ડગ્રુપનો રિપોર્ટ મળે એટલે ગયા હતા. સાહેબ કહેશો નહીં કોઈને કહેશો નહીં. અમને જે બ્લડગ્રુપ ખબર હતી એનાથી તદ્દન જુદા પ્રકારનો બ્લડગ્રુપનો રિપોર્ટ આવ્યો. એટલે NABL લેબના સંચાલકને અમે કહ્યું કે અમારું બ્લડ ગ્રુપ આ નથી. એટલે એમને કહ્યું અમારી લેબએ NABL લેબ છે. એટલે અમારો રિપોર્ટ કયારેય ખોટો ના હોઈ શકે પહેલા અમે કોમ્પ્યુટરમાં દર્દીનું નામ, સરનામું અને બારકોટ કાઢીએ છીએ. અને એ બારકોડ વાળું સ્ટીકર જેમાં દર્દીનું નામ લખેલું હોય, સમય લખેલો હોય અને દર્દીનો બારકોડ હોય. અને એમાં જ દર્દીનું લોહી નાખવામાં આવે. જો ભળતી ટ્યૂબમાં બ્લડ લેવામાં અને નાખવામાં જો ખોટું થયું હોય તો રિપોર્ટ ખોટો આવે. અમે આગ્રહ કર્યો ફરી લોહી લઈને ભલે પૈસા આપવા પડે ફરી રિપોર્ટ કરી આપો. NABL લેબવાળા એ ફરીથી લોહિ લીધુ અને એન્ટ્રી પણ કરી. આ વખતે અમારા મોબાઈલ ઉપર મેસેજ આવ્યો. જેમાં બધી જ વિગત સાચી હતી. પહેલા જે લોહી લીધું હતું એ વખતનો કોઈ મેસેજ આવ્યો નહોતો. એટલે ત્યાં જ ભૂલ થઈ હતી. રિસ્પેશન પર કોઈ બીજાના સેમ્પલમાં મારા દીકરાનું લોહી નાખવામાં આવ્યું હતું. ફરીથી રિપોર્ટ આવ્યો એ રિપોર્ટ અને અમને જે ખબર હતી એ બંને રિપોર્ટ સરખા આવ્યા. ડાહ્યાલાલ બોલ્યા સામાન્ય રીતે NABL લેબમાં આવી ભૂલ થતી નથી છતાં પણ રિસેપ્શન ઉપર જે સ્ટાફ બેઠો હોય એને એન્ટ્રીમાં ભૂલ થઈ હોય, તો જ આવો રિપોર્ટ ખોટો આવી શકે. લોહી જેમાં નાખ્યું હોય એ ટ્યૂબ ઉપર જો બારકોડ ખોટો માર્યો હોય તો જ આવું થાય કારણ કે મશીનમાં જે કઈ કામ થવાનું છે એ તો ઓટોમેટિક થવાનું છે. એટલે એમાં ભૂલ થવાની શક્યતા નથી. NABL લેબ વાળા રોજ જેટલા પેરામીટર હોય પછી જ કામ કરતા હોય છે. જો કંટ્રોલ બરાબર ન આવે તો તરત જ એ કીટની કેલીબ્રેશન ફરી કરવામાં આવે છે. એટલે NABL

લેબમાં સૌથી અગત્યનો મુદ્દો લોહીમાં લીધેલી ટ્યૂબમાં લગાવેલ બારડોક છે. ગાંડાલાલથી હવે રહેવાયું નહીં. એનો મતલબ એ થાય કે ઘરેથી વિઝિટ ઉપર આવીને સેમ્પલ લેવામાં અને એન્ટ્રી પછી લેબમાં જઈને કરવામાં આવે અને એમાં એ બે-ત્રણ સેમ્પલ લઈને આવ્યો હોય અને જો રિસેપ્શન ઉપર બરાબર વ્યક્તિ ના હોય તો ભૂલ થઈ શકે એટલે બને ત્યાં સુધી લેબમાં જઈને જ બ્લડ સેમ્પલ આપવા જોઈએ.

### દિન મહિમા

● મિત્રતા દિવસ

આજનું

### ઔષધ

● રાત્રે ઘઉંના દાણાને પાણીમાં ભીંજવો પછી સવારે તેને ખસખસ અને ધાણા સાથે દૂધમાં મિક્સ કરી આની ચટણી બનાવો, અઠવાડિયામાં ૨ વખત આ ચટણી ખાવાથી કમરનો દુઃખાવો જતો રહેશે.

### ખડખડાટ

● શેરીમાં અમુક ફેરિયાવાળા અને શાકભાજીવાળા શું બોલતા હોય અને શું વેચવા આવ્યા હોય એ છેલ્લે સુધી ખબર જ ન પડે....

આજનું

### વોટ્સએપ

● અભરખા હેઠા ન મુક તું,
પાંખોને સંકેલી ન મુક તું,
આકાશ આખું જ આપ્યું છે,
બસ ઊંચે ઊંચે જ ઉડ તું.

# જનજીવન તથા નદીનો અભિન્ન તથા રળીયામણો પ્રવાહ

**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**



સૌરાષ્ટ્રે પંચ રત્નાની, નદી નારી તુરંગમઃ।
ચતુર્થો સોમનાથશ્ચ પંચમમ હરિદર્શનમ ।।

જામનગરના શ્રીકંઠ કવિએ ઉપરની પંક્તિઓમાં કહેલી વાત વર્ષો પહેલા કરી હતી. આ પંકિતઓ સુવિખ્યાત છે. પરંતુ લોકકવિને તો આવો જ સુંદર ભાવ ઘણાં લોકો સુધી પહોંચાડવો છે. દરેક વ્યક્તિ દેવભાષા ગણાતી સંસ્કૃત ન પણ સમજી શકે. લોકકવિના હૈયાનો ભાવ નીચેના શબ્દોમાં પ્રગટ થયો છે. સોરઠ કે સૌરાષ્ટ્ર પ્રદેશ કેવો છે ! લોકકવિની કલ્પના પણ ખુબ સુંદર છે.

સિંહ ગિરા, મઠ મંદિરા, નારી, નીર, નરાં,
ખ્યાતાં બાતાં બંદરા સોરઠ સંત સરાં.

ઉપરના દોહામાં નદીઓના નીરની પણ વાત આવે છે. મધ્યકાળના સાહિત્યથી નદીઓ વિષયક દોહા કે કાવ્યો મળી આવે છે. નદી એ પ્રકૃતિનું એક ઉત્તમ સર્જન છે. પ્રકૃતિની રમણીયતા તરફ લોકકવિનું ધ્યાન સ્વાભાવિક રીતે જ સૌ પ્રથમ જાય છે. ઉપરના દોહામાં શૂરા તથા સિંહની ભૂમિ સોરઠનું દર્શન કેવી ચોટદાર રીતે રજુ થયું છે તે જોઈ શકાય છે.

'ઉર્મિનવરચના' માસિકના માધ્યમથી જયમલ્લભાઈ પરમારે અનેક સાહિત્યકારો-કવિઓની નદીઓને સંબંધિત રચનાઓ પ્રગટ કરી છે. ૧૯૭૨માં 'ઉર્મિનવરચના' એ નદી પર વિશેષાંક પણ પ્રસિદ્ધ કર્યો. આ વિશેષાંકના આધારે 'પતિતપાવની સરિતાઓ' નામે એક પુસ્તક પ્રવીણ પ્રકાશને પ્રસિદ્ધ કરેલું છે. સૌરાષ્ટ્ર અનેક ટેકરીઓ તેમજ નાના મોટા ડુંગરાઓનો પ્રદેશ છે. આ ડુંગરોમાંથી જ નદીઓ કે ઝરણાં ફૂટી નીકળે છે અને સૌરાષ્ટ્રની ધરતીને ભીનું તિલક કરે છે. જો કે અનિયમિત તથા અપૂરતા વરસાદને કારણે બારે માસ પાણી રહે તેવી બહુ ઓછી નદીઓ આપણે ત્યાં રહી છે. આથી નદીનું સળંગ તથા સતત દર્શન મુશ્કેલ થયું છે. ગંગા સહિતની નદીઓનું પ્રદુષણ એ બાબત એક અલગ ચર્ચાનો વિષય છે. લોકભાગીદારી સિવાય માત્ર સરકારના પ્રયાસો કે કાનૂનથી તેનું નિરાકરણ મુશ્કેલ છે. એકંદરે નદીઓની સ્વચ્છતા અંગે આપણે વિશેષ સભાન થવું જરૂરી છે. નદીઓ જ લોકસંસ્કૃતિના મૂળમાં છે. વિશ્વની અનેક સંસ્કૃતિઓ નદી કાંઠે પાંગરી છે. લોકજીવન સાથે જોડાયેલી અનેક ઘટનાઓમાં નાની મોટી લડાઈઓ કે સંઘર્ષોનો પણ સમાવેશ થાય છે. નદીના ખોળામાં જ જેનો ઉછેર થયો છે તેવા કોઈ વીર પોતાની માન્યતા કે શ્રદ્ધા માટે બલિદાન આપે તો તે એક મોટી ઘટના તરીકે ઈતિહાસમાં નોંધાય છે. આવા બલિદાનનો કરુણ ભાવ નદીઓ પણ અનુભવે તેવી રળીયામણી કલ્પના લોકસાહિત્યમાં છે. ઉદાહરણ તરીકે જોઈએ તો વાઘેર વીરો દ્વારકાધીશની પવિત્રતા અને પ્રભાવ જાળવવા સંઘર્ષ કરવા તૈયાર થયા. વિશાળ અને સુસજ્જ અંગ્રેજ સેના સામે ટકી શક્યા નહિ. મુળુ માણેક તથા જોદ્ધા માણેક જેવા વીરો શાહિદ થયા. ગોમતીના કિનારે વસેલા આ મોંઘેરા માનવીઓની પીડા ગોમતી નદીના વારી પણ અનુભવે છે તેવી વાત લોકકવિએ સુંદર રીતે લખી છે.

ગોમતીએ ઘૂંઘટ તાણિયાં, રોયા રણછોડરાય,
મોતી હતું તે રોળાઈ ગયું માણેક ડુંગરમાંય.

વાઘેરોની આ વીરગાથા અને તેમાં નદીના જળનો ઉલ્લેખ આ બલિદાનની ઘટનાને લોકસ્મૃતિમાં ઊંડી ધરબાયેલી રાખે છે. રાહી માસુમ રઝા મહાભારતના સંવાદો લખીને સુપ્રસિદ્ધ થયા છે. તેમનું વતન ગંગાતટે હતું. આથી લખે છે કે હું ત્રણ માતાનો દીકરો છું. મને જન્મ દેનારી માતા, ગંગામાતા અને તથા અલીગઢ યુનિવર્સીટી કે જ્યાં મને જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. આ રીતે વિદ્વાન કે સામાન્યજન એ સૌનો નાતો નદી સાથે અભિન્ન રહ્યો છે. સાવર તથા કુંડલાને રળીયામણું કરતી નાવલી નદી પણ ભરપૂર પાણીથી વહેતી હશે ત્યારે મનમોહક લાગતી હશે. ભાગીરથી ગંગા ઉપર અનેક રચનાઓ થઈ છે. ગંગા ભારતીય સંસ્કૃતિના હાર્દમાં વસી છે. હિમાલયની આ પુત્રીએ આર્થિક સમૃદ્ધિ સાથે લોકહૃદયમાં અધ્યાત્મભાવ પણ પ્રગટાવેલા છે. ગંગાનું મહત્વ લોકકવિએ સરળ શબ્દોમાં પ્રગટાવ્યું છે.

હેકણ કટકો હાડરો જો ગંગાજળ જાય,
તો માનવ રે કુળમાંય, ભૂત ન સરજે ભાગીરથી.

નદીઓની પૂજાનું પણ એક વિશેષ મહત્વ આપણી પરંપરામાં છે. તમે સ્નાન ગમે ત્યાં કરતા હો તો પણ ગંગા-યમુના-સરસ્વતી તેમજ ગોદાવરીનું સ્મરણ કરતા જાણીતા શ્લોક છે. આ પ્રકારનું સ્મરણ એક પવિત્રતાનો ભાવ મનમાં પ્રગટાવે છે. નદીઓના સંગમક્ષેત્રો ઉપર આપણાં જાણીતા તીર્થો આવેલા છે. આપણી સંસ્કૃતિનું પારણું એ સરિતાઓ છે.

જૂનાગઢ જિલ્લાના કેશોદ આસપાસના વિસ્તારમાં વહેતી ટીલોરી તથા સેગરસ ગામના લધારામ કવિની વાત પિંગળશીભાઈ લીલા(જામનગર) એ લખી છે. સુંદર પ્રસંગ છે. તહેવારોના સારા દિવસોમાં વીરપસલીનો તહેવાર આવે છે. બહેનને પ્રસન્ન કરવા લધારામ હોંશથી ભેટ લઈને બહેનને મળવા જાય છે. વચ્ચે ટીલોરી નદી આવે છે. આમ તો નદી કરતા એને એક પાણીનો અસ્થાયી પ્રવાહ(વોંકળો) કહી શકાય. પરંતુ ચોમાસાના કારણે તેના બહુ પહોળા નહિ એવા પટમાં કચરો-માટી ઘણાં ભરાઈ જતા હોય છે. માણસ કે પશુ તેમાં ઉતરે તો માટીની ચીકાશથી તેમાં ખૂંચી જાય. બેનનું ગામ ટીલોરીને ઓળંગીને જ આવે. આથી નદીમાં ઉતર્યા સિવાય બીજો ઉપાય નહિ. લધારામ સાવચેતી સાથે પાણીમાં ઉતર્યા. ગારામાં ઊંડા ઉતારી ગયા. અનેક પ્રયત્નો પછી કલાકો બાદ મહામુશ્કેલીથી બહાર નીકળ્યા. કાદવ કીચડથી પણ ખરડાઈ ગયા. બહેનને સંદેશો કહેવરાવેલો એટલે રાહ જુએ. લધારામ પહોંચ્યા એટલે બહેને પૂછ્યું કે આટલો વિલંબ કેમ થયો? લધારામ સ્વભાવે રમુજી એટલે કહે કે રસ્તામાં એક બીજી બહેન મળી તેણે મને રોકી લીધો. લધારામ કહે કે મેં ખુબ આજીજી કરી તો પણ મને રોકી રાખ્યો. બહેન સમજ્યા નહિ એટલે ટીલોરીના ત્રાસની વાત કરતા લાધરમ કહે છેઃ

ત્રણ હાથની ટીલોરી પણ ઝાઝો ગારો ઝીક્યો.
લધારામને ખભે ખડિયો, રોંઢા સુધી રોક્યો.

નદીઓના અસ્તિત્વથી આપણું સમગ્ર અસ્તિત્વ હર્યું ભર્યું તેમજ રળીયામણું લાગે છે.

# લાલ ફીતાશાહી વચ્ચે માનવીય સંવેદનાઓનું ગુલાબી આલેખન..




**સંવેદનનું સ્ટેટસ**
**રમેશ ઠક્કર**



આપણે જેને બાબુઓની દુનિયા કહીએ છીએ એવા જાહેરસેવકોનું જગત પણ નિરાળું હોય છે..કડક નિયમો અને પ્રતિબધ્ધ પ્રોટોકોલ વચ્ચે વહીવટની વાટે ચાલતા અમલદારો પાસે વ્યાપક અનુભવો અને વિવિધ ક્ષેત્રોની જાણકારીઓનો ખજાનો હોય છે..એમની પાસે જો અભિવ્યક્તનો કસબ આવી જાય તો વાચક તરીકે આપણે ન્યાલ થઈ જતા હોઈએ છીએ..આપણી વહીવટી વિરાસતમાં જાહેર નોકરીની સાથે સાહિત્ય કલા કે સંગીતના ક્ષેત્રોમાં આગવી પ્રતિભા દાખવનાર સર્જકોની રસપ્રદ કેડી છે..જાહેરસેવકે આમ તો પડદા પાછળ રહી કામ કરવાનું હોય છે..એનો કોઈ 'પબ્લીક ફેસ " હોતો નથી. પરંતુ એ જયારે સર્જકકર્મ કરી કોઈ કૃતિનું નિર્માણ કરે છે ત્યારે એક નવું જ ભાવજગત આપણને માણવા મળે છે..સાહિત્ય જગતમાં જાહેરસેવા સાથે સંકળાયેલા સર્જકોનાં પુસ્તકો પણ લોકપ્રિય થતાં રહયાં છે.

"વહીવટની વાતો" એ કુલીનચંદ્ર યાજ્ઞિકના અનુભવોનું રસપ્રદ હકિકતો આલેખતું પુસ્તક છે..જે એમની સાડા ત્રણ દાયકાની સરકારી સેવાના વિવિધ અનુભવોનો નીચોડ છે..લેખક નડિયાદના સાક્ષર પરિવારમાંથી આવે છે..ઈન્દુલાલ યાજ્ઞિકના ભત્રીજા છે..લેખન એમને સહજ છે..સંસ્કૃતના જ્ઞાતા છે..સિધ્ધહસ્ત લેખક છે..નિષ્ઠાવાન અને પ્રામાણિક રેવન્યુ ઓફિસર તરીકેની સુદીર્ઘ ઈમેજ ધરાવે છે...આજે લગભગ શતાયુ થવાની ઉંમરે પણ લેખનમાં પ્રવૃત્ત છે..સાક્ષર નગરી નડિયાદમાં વસે છે..

વહીવટમાં વહી એટલે નોંધ..નિયમો અને વટ એટલે સત્તા બંને હોય છે..એમાં ગ્લેમર ઓછું પરંતુ આકર્ષણ એટલું જ હોય છે..યાજ્ઞિક સાહેબ એમાં સંવેદનાને પણ ઝબોળે છે...અને એમાંથી નીપજેલા પ્રસંગો પુસ્તકને રસપ્રદ બનાવે છે..તેઓ એક સિદ્ધહસ્ત લેખક છે..અને એમની પાસે પોતાની આગવી શૈલી છે.

સરકારી અમલદારનું જીવન એક "કોશેટા" જેવું હોય છે..જે એક લાલ ફીત (રેડ ટેપ)ના આવરણથી વિંટળાયેલું હોય છે..એમાંથી જ લાલ ફીતાશાહી કે રેડ ટેપીઝમ જેવા શબ્દો આવ્યા છે..પણ આ એક અલગ પ્રકારના જાહેર સેવક હતા...યાજ્ઞિક સાહેબ નિયમોના ચુસ્ત હિમાયતી હતા, પણ નિયમોના બંદી ન હતા..એટલે જ એ આ ટેપીઝમથી પર હતા..

ઈ.સ.૧૯૫૧માં સૌરાષ્ટ્ર મહેસુલી સેવામાં સીધી ભરતીના જે ચાર મામલતદાર પસંદ થયા,એમાં એ ટોપર હતા..અને ક્રમશઃ આઈ.એ.એસ.સુધી પહોંચ્યા હતા..નવા સવા સૌરાષ્ટ્ર રાજયના એ યુવા અમલદાર હતા...આઝાદી બાદ સવા બસ્સો જેટલાં રજવાડાંના સમૂહમાંથી આકાર પામેલું સૌરાષ્ટ્ર સ્ટેટ ઝડપથી લોકશાહી પ્રક્રિયામાં આવી ગયું..ખુબ જ ટુંકા ગાળામાં એણે અનેકવિધ ક્રાંતિકારી સુધારાઓ અસરકારક રીતે અમલમાં મુકયા..મુખ્યમંત્રી ઉચ્છંગરાય ઢેબર લોકોને, અધિકારીઓને સહજ મળતા..નખશીખ પ્રામાણિક અને નિષ્ઠાવાન રાજપુરૂષ ઢેબરભાઈએ સૌરાષ્ટ્રને ટુંકા સમયમાં પ્રગતિશીલ રાજય બનાવી દીધું.હતું.યાજ્ઞિક સાહેબ આ સમયમાં મહત્વના અધિકારી હતા..એ તમામ પ્રસંગો વાચકને જકડી રાખે છે..એમાં એક અધિકૃતતાની અનુભૂતિ કરાવનાર અમલદાર હતા.

એ સફળ અધિકારી, લેખક અને સાહિત્યપ્રેમી છે..બલ્કે સિધ્ધહસ્ત લેખક જ છે..ગોંડલના સાક્ષર રાજવી ભગવદ્સિંહજી એમ.ડી ની ડીગ્રી ધરાવતા તબીબ અને ઈજનેર પણ હતા તદઉપરાંત ભાષાવિદ પણ હતા..એમના સુધારા લેખકને ગમે છે.. જુના આઈ.સી.એસ.અધિકારીઓ પિમ્પુટકર,કોએલ્હો, લલિત દલાલ..કે.શિવરાજ વગેરે સાથેના પ્રસંગો અદ્ભુત રીતે આલેખે છે..

લેખક એ પછી કચ્છના આર.ડી.સી. થાય છે. એ વખતનું કચ્છ..પ્રેમજીભાઈ ઠકકર જેવા પ્રજાસંપર્કના માહીર રાજકારણી..કપૂર સાહેબ જેવા કલેકટર સાથેનાં સ્મરણો રસપ્રદ છે.કલેકટર પાનાચંદભાઈ મહેતા એક વિશિષ્ટ વ્યકિત હતા..કચ્છનો કાર્યકાળ પુરો કરી મહેતા સાહેબ વિદાય થતા હતા ત્યારે નિવાસી કલેકટર તરીકે યાજ્ઞિક સાહેબ હતા.મહેતા સાહેબનું એક વાકય એમને સ્પર્શી જાય છે..એમણે વિદાય સમારંભમાં કહયું.."કચ્છમાં પરદેશી બનીને આવ્યો હતો..કચ્છી બનીને જાઉં છું.." કચ્છનો ધરતીની આ આત્મીયતા એમને લાગણીવશ થઈને આલેખી છે.

એ પછી વસ્તી ગણતરીનાં વરસો. લુણાવાડાનાં લકડીપોઈડા અને ખેમપુર ગામો કે જે આઝાદી પહેલાં જ પોતાને સ્વતંત્ર જાહેર કરી ચુક્યાં હતાં ત્યાં કુશળતાથી સેન્સસ કામગીરી પાર પાડવી જેવા અનોખા અનુભવો થાય છે..લેખક ૧૯૬૮માં અમદાવાદના આર.ડી.સી. પણ થાય છે...એ લખે છે.."દુનિયામાં તુમારોના મહાસાગરમાં પેપરવર્કમાં સતત ડૂબેલો અધિકારી અમદાવાદનો નિવાસી નાયબ કલેક્ટર જ હોય.." આ વાતની પ્રતીતિ ૨૦૧૩ થી ૨૦૧૫ દરમ્યાન એ જ જગ્યા ઉપર કામ કરતાં મને પણ થયેલી છે..એમના અનુગામી થવાનો રોમાંચ સાડા ચાર દાયકા બાદ મને થતો હતો..! સરકારી બાબુઓ માટે આવા મુકામો સહજ હોય છે...!વહીવટ અને વાચન એ એમના મનગમતા વિષયો રહયા છે..સંસ્કૃત સુભાષિતોનો આસ્વાદ કરાવતી એમની કોલમો અત્યંત લોકપ્રિય છે.

નોકરી દરમિયાન બદલીના આંચકા કોઈપણ અમલદારના રિકટર સ્કેલ ઉપર ગમે ત્યારે આવી જાય..સાહેબ પણ એમાંથી બાકાત રહેતા નથી..એ તબક્કે એ ડાંગ કલેકટર તરીકે અચાનક નિયુકત થાય છે..એ કઠીન સમયને પણ એ દીપાવે છે..એ પછી ૧૯૬૯માં ભરૂચ કલેકટર...ભૂકંપ અને કોમી રમખાણોમાં માનવીય અભિગમથી લોકચાહના મેળવે છે. એ વર્ણનોમાં કયાંય આપવડાઈ નથી પણ જાસેરસેવકની સચ્ચાઈ અનુભવાય છે..વડોદરા લેખકને ફળ્યું છે..આર ડી.સી તો હતા જ..કલેકટર પણ એ જ જિલ્લામાં..આવી સુખદ ઘટનાઓ બાબુઓની જિંદગીમાં દુર્લભ ગણાય..એ પછી અડધા દાયકા સુધી આ સંસ્કાર નગરીના કલેકટર તરીકે સળંગ કામગીરી કરે છે જે એક વિક્રમ હતો..! પચાસ વરસ પછી આજે પણ લોકો એમને વડોદરાના કલેકટર તરીકે યાદ કરે છે..પબ્લીક સર્વન્ટ માટે આનાથી મોટો ઈલ્કાબ બીજો કયો હોઈ શકે ?

સંનિષ્ઠ અમલદાર તરીકે એ અભ્યાસી છે..સંવેદનપટુ છે..લોકોનું કામ કરવાવાળા અધિકારી છે..મામલતદારથી શરૂ કરી નાયબ કલેકટર, કલેકટર, કમિશનર, મુખ્યમંત્રીના સચિવ, રાજભવનના સચિવ, શિક્ષણ સચિવ સુધી અનેકવિધ મહત્વનાં પદો ઉપર રહયા છે..નિવૃતિ પછી પણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ સહિત વિવિધ મહત્વની જગ્યાઓ શોભાવી છે.કવળ એના શુષ્ક પ્રસંગોનું જ આ પુસ્તક નથી એમાં સાહિત્યિક અભિવ્યક્તિ અને સચ્ચાઈનો નીચોડ પણ છે..અનુભવોનો રસપ્રદ ખજાનો છે..અધિકૃત સંદર્ભો છે.નવી જાણકારી છે, માનવીય પ્રસંગો છે.કયાંક સુભાષિત અને કાવ્યપંકિત કે ફિલસૂફી પણ છે..વાર્તા જેવું પણ છે..

ડાંગ કલેકટર તરીકેનો એક માનવીય પ્રસંગ...એક અજાણ્યો યુવાન અધિકારી એના વતન બાલાસિનોરથી દૂર અચાનક અવસાન પામે છે. એના મૃતદેહને એનાં માબાપ પાસે પહોંચાડી એમને જાણ કરવી...એ જમાનામાં ટેલિફોન પણ ન હતા..દૂર અંતરની મુસાફરી. પ્રોટોકોલની પળોજણ..માનવતાનો ધર્મ..એ ઘટના "કોઈ અજાણનો લાડીલો " શિર્ષકથી લખાઈ છે. જે હૃદયસ્પર્શી છે..કદાચ સ્વતંત્ર વાર્તા ગણી શકાય એવો સરસ આ પ્રસંગ છે...આવા અનેક પ્રસંગોની ગૂંથણી ઠેરઠેર જોવા મળે છે....સરસ અવલોકનો છે..એક જગ્યાએ એ કવિ ચંડીદાસને ટાંકી લખે છે.."સર્વથી ઉપર મનુષ્ય છે..મનુષ્ય-માનવતાથી ઉપર કશું નથી.."

એક શીલવંત જાહેર સેવક.અને સંવેદનશીલ લેખકની જીવંત હસ્તપ્રત જેવું આ પુસ્તક આપણી ભાષામાં અલગ કેડી કંડારે છે...જાહેરસેવક 'ફેસલેસ' હોય છે..બેકગ્રાઉન્ડમાં રહી કામ કરે છે..નિયમોથી લદાયેલો હોય છે..એમની પાસે પણ વિશાળ અનુભવો અને અભિવ્યક્તિ હોય છે..કુલીનચંદ્ર યાજ્ઞિક આપણને એક નવા જગતનો અનુભવ કરાવે છે....